# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૮૧ તા.૨૭-૩-૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે અત્રેથી કુદરતી આપત્તિ વ્યવસ્થાપન અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવા જણાવેલ હતું. જેમાં શાળા કક્ષાએથી લઈ શહેર કક્ષા સુધી શ્રેષ્ઠ ચિત્ર દોરવામાં આવેલ છે. તેવા વિદ્યાર્થીઓ પૈકી ધો. ૧ થી ૫માં પ્રથમ ત્રણ નંબર તથા ધો. ૬ થી ૮નાં પ્રથમ ત્રણ નંબર મેળવનાર વિદ્યાર્થીઓને પારિતોષિક વિતરણ થનાર છે.

આજ દિને 'પબ્લિક હેલ્થ રિટર્ન' અંગેનો એક સેમિનાર પણ યોજવામાં આવેલ હોઈ આ દિવસે એટલે કે તા.૩૧-૩-૧૫ના રોજ સવારે ૮-૩૦ કલાકે ટાગોર હૉલ ખાતે તમામ શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓએ હાજર રહેવું તેમજ દરેક મુખ્ય શિક્ષકોશ્રીઓએ પોતપોતની શાળામા ચિત્ર સ્પર્ધામાં પ્રથમ નંબરે આવેલ વિદ્યાર્થીને પણ આ કાર્યક્રમમાં સાથે લાવવાના રહેશે, એટલે કે દરેક શાળાના મુખ્ય શિક્ષકશ્રી તથા ચિત્ર સ્પર્ધામાં શાળા કક્ષાએ પ્રથમ નંબર મેળવનાર તમામ વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહેવાનું છે.

મુખ્ય શિક્ષકશ્રી સીધા હૉલ ઉપર ન આવતાં શાળામાં જઈને જ વિદ્યાર્થી સાથે આવવાનું રહેશે.

તા.૨૭-૩-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી